જૈન બંધુઓને સંવત્સરીના પર્વ નિમિત્તે પ્રકાશક તરફથી ભેટ.

અમુલ્ય રત્નમાળા. ૐ મણકો ૨ જો.

सत्यात् नास्ति परोधर्मः

હું અને મ્હારો ધર્મ

યાને

જૈન ધર્મના સર્વમાન્ય સિદ્ધાંતોનું વિવેચન.

રચનાર

ચીમનલાલ [illegible]રાભાઈ શાહ,

ધનાસુતારની પોળ—અમદાવાદ.

પ્રકાશક

વૈદ્ય હરિશંકર લાધારામ દ્વિવેદી.

સંગ્રહણી (ઝાડાનો રોગ) તથા સુવારોગના ખાસ વૈદ્ય.

દોશીવાડાની પોળ—અમદાવાદ.

મુબઈમાં દર રવિવારે સવારના ૯ થી ૧૨ અને સાંજના ૪ થી ૮

માધવબાગ સામે ચંદાવાડી, સી. પી. ટેન્ક રોડ.

પ્રથમ આવૃત્તિ. સને ૧૯૧૫. પ્રત ૫૦૦૦.

'જૈન' ધર્મ પાળનારા આર્યભૂમિના બાળકોને

સંપૂર્ણ પ્રેમભાવથી જોનારા

ગૂજરાત વિદ્યાપીઠ

જૈનોના ધર્મપિતા

શ્રી સીમન્ધર સ્વામિ

ના ચરણ કમળમાં આ લઘુગ્રંથ

તેમના જ એક બાળક તરફથી

પૂર્ણ ભક્તિભાવે

અર્પણ કરવામાં

આવે

છે.

गूजरात विद्यापीठ ग्रंथालय

[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमाक ૫૮૧૨ वर्गांक

पुस्तकनु नाम હું અને મારો ધર્મ

विषय 1/31

મ્હારો હેતુ.

'આપણો ધર્મ' પ્રકટ કરવાનો 'મ્હારો હેતુ' જે હતો તે પ્રમાણે 'અમૂલ્ય રત્નમાળા' નો બીજો મણકો આ પ્રકટ કરવામાં આવે છે. આર્યભૂમિના ભિન્ન ભિન્ન ધર્મ પાળનારાઓને—સર્વને હું મ્હારા બંધુ ગણુતો હોવાથી તેમના શ્રેયઃમાં હું મ્હારૂં શ્રેયઃ માનુ છુ. 'જૈન ધર્મ' ગુજરાતમા અને કાઠિયાવાડમા સારો પ્રસરેલો હોવાથી જૈને ભાઇઓને તેમના ધર્મના સર્વમાન્ય સિદ્ધાતોનુ જ્ઞાન આપવામાં આવે તો ઘણુંજ ઉપયોગી થઈ પડે અને કેટલાક સાંકડા વિચારોવાળા મગજમાં અજવાળું થાય, એ હેતુથી મ્હારા મિત્ર ભાઇ ચીમનલાલ કચરાભાઇ શાહે રચેલા આ પૅમ્ફલેટની નકલો છપાવી વ્હેચવાનું મને માન મળ્યુ છે. લેખકે જૈન ધર્મને સારરૂપ આ ન્હાનકડા પુસ્તકમાં કેવો સરસ અને સરળ રીતે સમજાવ્યો છે તે મ્હારે જણાવવાની જરૂર નથી પણ વાચકોને આપોઆપ સમજાશે. એ અવસર ક્યારે આવે કે બધા ધર્મોનાં અનુયાયી સાથે હળી-મળી પોતાના વિચારો 'આપ-લે' કરે. અસ્તુ.

પ્રકાશક.

હું અને મ્હારો ધર્મ.

પ્રિય બંધુઓ અને બ્હેનો, આજ આપણે આ શાંતિથી ભરેલા સ્થળમાં કેટલીક વાતો કરવા એકઠા થયા છીએ. તમે અને હું જન્મથીજ એવું માનતા શીખ્યા છીએ કે આપણો આત્મા, આ જગત અને જગતની વસ્તુઓ કોઇ અમુક કાળથી જન્મ પામ્યા નથી અને અમુક વખતે તેમનો નાશ થવાનો નથી. દરેક વસ્તુમા જો કે ફેરફાર થતો જાય છે તેથી એમ ન કહી શકાય કે તે વસ્તુ નાશ પામી જાય છે મ્હારા શરીરપર આજ કાળો ડગલો છે અને કાલ હું સફેદ ડગલો પ્હેરૂં તેથી મ્હારૂં આજનુ શરીર કાલ નથી હોતું એમ નથી. શરીર તો તેનુ તે જ છે પણ તેનુ બ્હારનુ રૂપ બદલાય છે. આ જગતમા એવી ચીજો અંધારામા પડી રહી છે કે જેને આપણા મ્હોટા ગુરૂઓ જાણી શકે છે. આપણે તે વસ્તુઓ જાણી શકીએ નહિ અથવા જોઇ શકીએ નહિ તેથી તે ચીજો હયાતિ નથી ધરાવતી એમ આપણે કહી શકીએ તો તે ડહાપણ ન કહેવાય. કોલબસે ઇ. સ. ૧૪૯૨ માં અમેરિકાખંડ શોધી કહાડયો તેથી ઇ. સ ૧૪૯૨ પ્હેલા અમેરિકાખંડ ન્હોતો એમ આપણે કહીએ તો તે ડહાપણ ન કહેવાય આમ હોવાથી આપણે આત્મા, જગત અને જગતની સર્વ વસ્તુઓ અજર અમર છે એમ ન દેખી શકીએ તો તેટલા જ કારણથી જગત વગેરે ચીજો અજર અમર નથી એમ ન કહી શકીએ. આ ઉપરથી વળી એમ પણ નથી માની લેવાનુ કે આપણે એક ઘેટાની પાછળ બીજું

ઘેટું ચાલે છે તેમ અંધશ્રદ્ધા રાખવી–તેમ નહિ, પણ અમુક વસ્તુ આપણી નજરે ન દેખાય અથવા આપણી કલ્પનામાં ન ઉતરે તેથી તે વસ્તુ નથી એમ તત્કાળ માની લેવું નહિ. એમ માનવું એ એક સાહસ છે અને એવું સાહસ કરવાથી આપણે આપણને પ્રાપ્ત થનાર જ્ઞાન, બુદ્ધિ વગેરે ખોઈ બેસીએ છીએ. આ સમજવું કદાચ તમને સર્વને કઠણ લાગશે તો પણ તેને સ્હેલી રીતે હું સમજાવું છું. આપણા ધર્મમાં એવું કહેલુ છે કે, ' આપણે ' એ આ ' શરીર ' નથી, ' મન ' નથી, ' હૃદય ' નથી પણ એ બધી વસ્તુમાં રહેલી કોઇ ન દેખી શકાય એવી ચીજ છીએ. આ તત્કાળ આપણે માનીશું નહિ અને તેથી તે સિદ્ધાંતમા ઉતરવાની પણ દરકાર ન કરીએ તો આપણે કેટલા બધા સાહસિકમાં ખપીએ ? આપણે આટલુ તો માનીએ છીએ કે આ વસ્ત્ર આપણે પ્હેરીએ છીએ તે આપણું શરીર નથી, જો કે આપણું ઘણું ખરૂં શરીર વસ્ત્રોથી ઢંકાઇ જાય છે ખરૂં. તે જ પ્રમાણે આપણું શરીર, આપણુ મન અને આપણું હૃદય એ બધી ચીજો ' આત્મા ' ને લીધે હાલે છે, ચાલે છે અને પોતાનુ કામકાજ કરે છે. આ એક દૃષ્ટાંતથી વધારે સારૂ સમજાશે એક કુટુંબમા એક જ પુરૂષ રળનાર છે અને આખું કુટુંબ ખાય છે, પીએ છે, વસ્ત્રો પ્હેરે છે તે બધું તે જ પુરૂષના લીધે એટલુ તો આપણે કહેવુ પડશે. ઘડીભર માની લ્યો કે તે પુરૂષ ઘર છોડી ચાલ્યો જાય છે અને કુટુંબમાં કોઇ રળી શકે એમ નથી, તેમ તેમની પાસે એક ફુટી બદામ પણ નથી કે નથી તેમને કોઇ મદદ કરે તેમ, તો તે કુટુંબની શુ સ્થીતિ થશે ? તે કુટુંબ ભૂખમરા વગેરેથી મરી જશે તે જ પ્રમાણે આપણું શરીર, આપણું મન અને આપણું હૃદય વગેરે ' આત્મા ' થી ચાલે છે. જે મનુષ્યના શરીરમાથી ' આત્મા ' ચાલ્યો જાય છે તે મનુષ્યના શરીર

તરફ જોશો તો તેમાં લાંબો ફેરફાર થયો નહિ હોય પરંતુ તે શરીર પોતાની ફરજ નહિ બજાવે. આ ઉપરથી એટલુ સાબિત થાય છે કે શરીર, મન અને હૃદયમાં જીવન મૂકનાર કોઈ અદ્રશ્ય ચીજ છે ખરી અને તે આપણે ન જોઇ શકીએ અથવા ન જાણી શકીએ તો તે ચીજ નથી એમ કહી શકીએ નહિ. આપણે આથી એ શીખવાનું છે કે ખરૂં–ખોટું તપાસ્યા વગર જ એક ચીજ છે કે નથી એનો ઉત્તર ન આપી દેવો પણ શાંત રીતે વિચાર કર્યા પછી કોઇ સવાલનું નિરાકરણ કરવા પ્રયત્ન કરવો. સારૂં–ખોટું જાણવાની બુદ્ધિ એને 'વિવેક બુદ્ધિ' કહેવાય છે. તમારા સૌમાં વિવેક બુદ્ધિ છે એટલે આપણે શાંત રીતે વિચાર કરીશું તો તમારા સૌના ધ્યાનમા ખરી ખોટી વસ્તુ ઉતરી જશે. આપણા જૈન ધર્મના છેલ્લા તીર્થંકર મહાવીર પિતાએ પણ આપણને એ જ શીખવ્યુ છે. મ્હારે એટલુ પણ કહેવું જોઇએ કે આવા વિચાર અને વાતો કરવાનો પ્રસગ મેળવવો એ આપણુ ભાગ્ય સમજવું. જગતમાં પ્રવૃત્તિ એટલી બધી વધી ગયેલી છે કે મનુષ્યોને પોતાની જંજાળમાથા બે ઘડી 'પોતે કોણ છે' 'શા સારૂ દોડ–ધામ કરી મૂકે છે,' 'તેમનુ ભવિષ્ય કેવું થશે,' તે વિચાર કરવાનો પણ અવકાશ મળતો નથી. તેનુ પરિણામ શુ આવે છે? આપણી વિવેક બુદ્ધિ બ્હેર મારી જાય છે, 'ધર્મ' એ ચીજ આપણને વ્હાલી નથી લાગતી અને 'પાપ' થી આપણે ડરતા નથી. જગત્ આ પ્રમાણે જ વધારે અધારામા અને દુ:ખના કુવામાં ડૂબતું જ ચાલે છે. આપણે જાણીએ છીએ અને માનીએ છીએ કે પૈસા આપણી સાથે આવતો નથી, સ્ત્રી, પુત્ર અને સબધીઓ પણ માત્ર આ દેહ છતા જ સગા છે, તોપણ આપણે એ બ્હારની સ્થિતિપર ઘણુ જ ધ્યાન આપીએ છીએ. આપણી અદરની

સ્થિતિ કેવી થાય છે તેપર લક્ષ આપતા નથી. અંતકાળે આપણને આ શરીરરૂપી વસ્ત્રો ત્યજી દેવાની જ્યારે ફરજ પાડવામાં આવે છે ત્યારે જ આપણને આપણી મૂર્ખાઇપર કંઇક દયા આવે છે, પરંતુ તે સમયે આપણું કાંઇ ચાલતું નથી અને આપણી વિસ્તારેલી 'માયા' ત્યજી દેવી પડે છે અને આપણને તે વખતે અત્યંત દુઃખ થાય છે. આ દુઃખ આપણે એક વખત નહિ પણ અનંત વખત ભોગવેલુ છે છતા આપણને ભાન રહેતું નથી કે સાન આવતી નથી એ શુ ઓછું દયા ખાવા જેવુ છે? શ્રીમંતો જાણે છે કે પૈસો નાશવંત છે અને તેનો સદુપયોગ કરવો એ ધર્મ છે અને તેથી જ પોતાના આત્માને ફાયદો થનાર છે તો પણ 'દાન' એ શબ્દથી જ કેટલાને કંપારી છૂટે છે? આમ હોવાનુ કારણ શું? વીર પિતા તેને 'મોહદશા' કહે છે. એ 'મોહદશા'મા આપણે અનંત વર્ષોથી ઘસડાતા આવીએ છીએ અને હજુ કેટલાયે વર્ષ ઘસડાઇશુ હુ માનુ છુ કે તમે 'મોહદશા'માંથી બનતી ઉતાવળે બ્હાર આવશો અને બ્હાર આવવા સારૂ એ પ્રથમ જાણવુ જરૂરનુ છે કે,

'હું કોણ છું?'

'હું' એ એ શબ્દ બોલતું મ્હો નથી, 'હુ' એ આ દેખાતુ મ્હારૂ શરીર નથી, 'હુ' એટલે મ્હારૂં ઘર નથી, 'હુ' એ બ્હાર દેખાતી કોઇ ચીજ નથી પણ 'હુ' એ મ્હારા શરીર, મ્હારા ઘર અને 'મ્હારી' કહેવાતી સર્વ ચીજને ગતિ આપનાર અદશ્ય તત્વ છું. તેને આપણા તીર્થંકરો 'આત્મા' એ નામથી ઓળખે છે. તેને ગમે તે નામથી ઓળખવામાં આવે એમાં આપણને કાઇ વાધો નથી. 'હિન્દુ'મા 'હુ' જુદું હોય છે, મુસલમાનમા જુદુ હોય છે, ખ્રિસ્તીમાં જુદુ હોય છે, પારસીઓમા જુદુ હોય છે, એમ બનતું નથી પણ દરે

વ્યક્તિમાં 'હું' એક જાતનું હોય છે. એક માણસનું નામ 'મણિ-લાલ' છે અને બીજાનું નામ 'ચંપકલાલ' છે, જ્યારે ત્રીજાનું નામ 'શાંતિલાલ' છે. આ ત્રણે માણસોમાં 'હું' જુદું નથી હોતું પરંતુ આ ત્રણે માણસોના આત્માએ કરેલો પુરૂષાર્થ જુદો જુદો હોવાથી તેમને જુદા જુદા પ્રકારના શરીરો અને બ્હારનાં રૂપો થયાં છે તેથી એકથી બીજાને જુદો કરી બતાવવા આપણે નામો પાડીએ છીએ. આપણે આટલુ તો જાણીએ છીએ કે આપણાં બ્હારનાં વસ્ત્રોને આપણે ઘણા જ ભભકાભેર રાખીએ અને તે સારૂ ઘણા પૈસા ખર્ચીએ, તો તેથી આપણા શરીરને કાંઈ અસર થશે નહિ એટલે કે આપણું શરીર એ વસ્ત્રોમા સારૂં દેખાશે તે ખરૂં પણ તેથી બીજી જાતની કોઇ અસર શરીરને નહિ થાય, પરંતુ જો શરીરને માફકસર ઉંચો ખોરાક આપવામાં આવે તો શરીર સારૂં બની શકે ખરૂં. તે જ પ્રમાણે આપણે આપણા શરીરને ખાતર જે જે પ્રયાસો કરીએ તે તે આપણા આત્મા અથવા આપણામા રહેલા 'હુ' ને પ્હોંચી શકતા નથી. આપણા શરીરને ખવરાવીને ઘણુ જ જોરાવર બનાવીએ તો તેથી આપણો આત્મા જોરાવર બનતો નથી કારણકે આપણો આત્મા અને શરીર એ જુદી જુદી ચીજો છે. ત્યારે સવાલ એ થાય છે કે

'આત્માની આસપાસ કેટલાં શરીરો છે?'

આપણા તીર્થંકરો જેને આપણે સર્વ શક્તિમાન અને સર્વજ્ઞ માનીએ છીએ તેમાંના છેલ્લા વીરપ્રભુ એવું જણાવી ગયા છે કે આપણા આત્માની આસપાસ અનેક શરીરો છે. આપણી આંખોએ દેખાય એવું આપણું 'સ્થૂલ' શરીર એટલે બે હાથ, પગ, આંખો વગેરે જેમા છે તે છે. બીજું શરીર તેની અંદર છે, જે આપણી આંખોયે દેખાતું નથી પણ જે વાસનાઓ-ઇચ્છાઓ ઉત્પન્ન કરે છે તે છે તેનું

નામ 'સૂક્ષ્મ શરીર' છે, તેની અંદર ત્રીજું શરીર છે જેનુ નામ 'તજસ શરીર' છે, તેનું કામ અહંભાવ ઉત્પન્ન કરવાનું છે. બીજાઓથી પોતે વધારે સારો કેમ દેખાય તે કરવું તે તેનું કામ છે. 'સૂક્ષ્મ' અને 'તૈજસ શરીરો'માં વારંવાર ફેરફાર થતો જાય છે, જે પ્રમાણે સ્થૂલ શરીરમાં ફેરફાર થાય છે તેમ. એ બધાની અંદર એક વળી ચોથું શરીર છે જેનુ નામ 'કાર્મણ શરીર છે' અને તે આત્માની સાથે નજીકની સગાઈ ધરાવે છે. જ્યાંસુધી આત્માએ 'જન્મ મરણના ફેરા' ટાળ્યા નથી હોતા ત્યાંસુધી એ તેની સાથે રહે છે. હવે, આ ઉપરથી સમજવાનું એ છે કે આપણે જે જે કાર્યો કરીએ છીએ તે આપણા આત્મા સારૂ કરીએ છીએ કે આપણા શરીરો સારૂ? જો આપણે એટલું જ વિચારીને વિવેકબુદ્ધિ વાપરીએ તો આપણને પાછળથી પસ્તાવું પડે નહિ. આ સંસારમાં આપણે જે દોડધામ કરીએ છીએ, પૈસા રળવા જે રાત્રિદિન તનતોડ મહેનત કરીએ છીએ, અને સંસારની ઉપાધિમાં લીન રહીએ છીએ તે શું આપણા આત્માને સુખી રાખવા સારૂ? હરગીજ નહિ. આપણા તે સૂક્ષ્મ (વાસના) શરીર અને સ્થૂલ શરીર સારૂ. આ જગોએ વળી બીજી શંકા ઉત્પન્ન થશે. આ કહેવાનો ભાવાર્થ શું એવો છે કે 'આપણે દ્રવ્ય ઉપાર્જન કરવાની અને સંસારની બીજી ઉપાધિમાં પડવાની કંઇ જરૂર નથી? ના; એમ નથી. આપણો ગૃહસ્થાશ્રમ નિભાવવા અને તેને સારો કરવા સારૂ આપણે દ્રવ્ય મેળવવાની જરૂર છે, આપણે કુટુંબમા, નાતજાતમાં, ગામમાં, દેશમાં સારા કહેવરાવવાની જરૂર છે પણ તે જરૂર એટલી મ્હોટી નથી કે હમેશાં રાત્રિદિન ઉજાગરા કરવા પડે, તનતોડ મહેનત કરવી પડે અને ચિન્તામ દિનો નિર્ગમન કરવા પડે. આપણા કુટુંબીજનો ખુશીથી પોતાને નિર્વાહ ચલાવી શકે, તે ઉપરાંત આપણા બાળકો સારૂ અને એવ

કારણો સારૂ આપણે દ્રવ્ય એકઠું કરવાની ખાસ જરૂર છે પણ લાખો અને કરોડોની ચિન્તામાં પડી આખી જીંદગી બરબાદ કરવી એ શું ડહાપણ છે? 'મ્હોટા થવાની ઇચ્છા' એ કઇ ખોટી નથી પરંતુ તે 'ઇચ્છા' ફળીભૂત કરવામાં જે કંઇ દગા, પ્રટંચ અને એવા કુકર્મો કરવાં પડે તે ઇચ્છવા લાયક નથી—ત્યારે, લોકો આટલા બધા ધમ પછાડા શા માટે કરે છે? જગતમા લક્ષાધિપતિ, કરોડાધિપતિ કહેવ-રાવવા, બીજાઓ કરતા કંઇ વધારે ઉચા, વધારે સારા, વધારે પૈસા-દાર, વધારે હોશીઆર કહેવરાવવા આ ઇચ્છા શુ આત્માની છે એટલે એ ઇચ્છા શું તમારી છે.? નહિજ, તમારી આસપાસ રહેલા એક શરીરની. આપણે સાધારણ ખોરાકથી ચલાવી શકીએ એમ છીએ અને તે પણ આપણુ શરીરં તેથી મજબુત થાય અને નિરોગ પણ થાય. આમ છતા આપણા ખાણામા શા માટે હદ ઉપરાતના ખર્ચો કરીએ છીએ? આથી આપણુ શરીર વધારે મજબુત થતું નથી કે વધતું નથી પરંતુ અજીર્ણ વગેરે રોગો તો જરૂર થાય છે. આવુ છના આપણે શા માટે અને કોના સારૂ ખાણામા આટલુ દ્રવ્ય ખર્ચીએ છીએ? આપણી જીભની લાલસાને પૂરી કરવા, આપણા 'વાસના' શરીરમા આપણે આપણી ટેવથી પાડેલા ખાડાને પૂરવા વધારે ખા-વાની ઇચ્છા એ શુ 'આપણી' 'આપણા આત્મા'ની છે? વધારે ખાવાથી આપણા 'આત્મા'ને આપણે કોઇ પણ રીતે વધારે સારો કરીએ છીએ? નહિજ. વળી, આપણુને કોઇ માણસ કંઇ કામ બતાવે છે તે કરવાને આપણે નારાજી બતાવીએ છીએ કારણ કે આપણા શરીરને જરા પણ તસ્દી આપવા આપણે તૈયાર થતા નથી. રસ્તામાં કોઈ ભારો ઉચકી જનાર મજુર આપણને તે ઉ-તરાવવાનું કહે છે તો આપણે જાણે સાંભળતા જ નથી એમ

ફરી ચાલ્યા જઇએ છીએ એનુ કારણ? આપણે આપણા શરીરને જરા પણ તસ્દી આપવા ખુશી નથી. આ બધું શુ બતાવે છે? એજ કે આપણે 'હું કોણ છુ' એ જાણતા નથી અને જાણીએ છીએ તો આપણા હિતની આપણે દરકાર કરતા નથી. આપણા જુદાં જુદાં શરીરો પોતાની મનોકામના પૂર્ણ કરવા આપણી પાસે વિધવિધ કામો કરાવે છે તે આપણે કરીએ છીએ પણ 'આત્મા' સારૂ આપણા-પોતાના લાભ સારૂ કાઇ કરતા નથી એ કેટલું બધું શોકજનક છે? તમારો છોકરો એક માસ નોકરી કરી પોતાનો પગાર લાવી બીજાને આપી દે તો તમે તેને કેટલો ધમકાવી નાખો છો? પરંતુ તમે પોતે જ તુમારા પોતાના ઘરમાં કધુ રળીને નાખતા નથી અને બ્હારના બીજા શરીરોંમા નાખી દો છો એ તમને કંઇ લાગતું નથી? અલબત્ત લાગવુંજ જોઇએ. પણ લાંબા કાળની પડેલી ટેવને એકદમ છોડી શકાશે નહિ માટે આજે આ શાત સ્થળમા આપણે વિચાર કરીએ છીએ તે ટેવ શી રીતે મૂકી દેવાય? 'હું કોણ છુ' તે જાણવાથી અને તે પ્રમાણે વર્તન રાખવાથી. આપણે જે કાઇ કામકાજ કરીએ તે બધામાં આ વિચાર પ્રધાનપણે કરવો કે એ કામકાજ મને, મ્હારા આત્માને કેટલુ લાભદાયક કે હાનિકારક છે? આ ટેવ પાડશો તો દિવસે દિવસે તમે બદલાતા જશો અને તમારી ઉન્નતિ કુદકે ને ભૂસ્કે આગળ વધતી જ ચાલશે-એ 'હુ' અથવા આપણા આત્માને સુખી કરવા એટલે તેને પોતાના માર્ગે ચઢાવવા આપણા વીર પ્રભુએ રસ્તો બતાવ્યો છે જે પ્રમાણે બીજા ધર્મના નાયકોએ પણ બતાવ્યો છે અને તેને આપણે 'ધર્મ' એ નામથી ઓળખીએ છીએ-એ 'ધર્મ' ખાતર આખી દુનીઆ પ્રયાસ કરે છે અને આપણે પણ કરીએ. છીએ. આજે ત્યારે આપણે વિચાર કરીએ કે

'મ્હારો ધર્મ શું?'

'આપણે' આપણી જાતને શોધી કહાડવી એ 'આપણો ધર્મ' છે. આનો અર્થ સમજવો ઘણો કઠિન લાગશે. 'આત્મા' એ પોતાનુ સ્વરૂપ શુ છે તે જાણવું અને તેમાં લીન બની જવું એ આત્માનો ધર્મ છે. તમે તમારી જાતે તમે બનાવેલી કેદમાં પડયા હો તો તમે તેમાથી નીકળવાનો પ્રયત્ન કરો કે નહિ? અલબત્ત કેદખાનુ પણ તમે જાતે જ બનાવ્યુ છે અને તેની દિવાલો વગેરે તોડી નાખવા પણ તમને સત્તા હોવાથી તમે દિવાલો તોડી નાંખીને બ્હાર નીકળી આવવા પ્રયાસ કર્યા વગર રહી શકતા નથી. આપણા વીર પિતા કહી ગયા છે કે જગતની શરૂઆત નથી તેમ તેનો અત પણ નથી આપણે તે શરૂઆત વગરના કાળથી આ શરીરોના બંધનમાં ઘસડાતા ઘસડાતા ચાલ્યા આવીએ છીએ. આપણા શરીરો આપણે જાતેજ બનાવ્યા છે. આપણને પૂર્વ જન્મમાં કરેલા કર્મોના પ્રમાણમાં આપણા શરીરો, બળ, રૂપ, બુદ્ધિ, જ્ઞાન વગેરે મળેલા છે. આપણને સુખ કે દુઃખ કોઇ બીજુ ઉપજાવી શકતુ નથી પરતુ આપણા સુખનો કે દુઃખનો રસ્તો આપણે જાતે જ મોકળો કરીએ છીએ. આપણે પૂર્વ ભવમાં જે જે કર્મો કરેલા તે પ્રમાણે આપણા સૂક્ષ્મ શરીરો બધાય છે અને તે સૂક્ષ્મ શરીરો પોતાને લાયક સ્થૂલ શરીરોનાં પરમાણુઓ ખેંચી લાવે છે અને તે પ્રમાણે આપણા શરીરો થાય છે. આપણા આત્મ સ્વરૂપમા મળી જવું એટલે કે આપણા શરીરો રૂપી બેડીઓના બધન તોડી નાંખી પરતંત્રતા રૂપી કેદખાનામાથી બહાર આવવું અને જે અખંડ આનંદ આપણા પૂજ્ય તીર્થંકરો વગેરે ભોગવે છે તે ભોગવવા ભાગ્યશાળી થવું. કેટલાકોને વળી વિચાર આવશે કે આપણા આ શરીરોમાં આ-

પણુને ક્યાં આનંદ નથી થતો કે આપણે એ બધી મહેનતમાં ઉતરી શરીરો તોડી નાંખી જુદા રંગમાં પડી જઇએ? અલબત્ત શરીર જ્યાં સુધી આરોગ્યવાન હોય ત્યાં સુધી તો કોઇ પણ જાતના દુઃખનો ભય આપણુને નથી રહેતો અને ખાવાપીવા અને વિષયસુખ વગેરેથી આપણુને આનંદ થાય છે ખરો પણ એ આનંદ પરતંત્ર છે. આનંદ મેળવવા સારૂ આપણે ખાવુ જોઇએ, પીવુ જોઇએ અને વિષયસુખ ભોગવવાં જોઇએ અને જ્યા સુધી આપણી પાસે તેના સાધનો તૈયાર હોય ત્યાં સુધી આપણે તે આનંદો પ્રાપ્ત કરી શકીએ—સર્વદા નહિ વળી મ્હોત એ નામનો રાક્ષસ મ્હો ફાડીને આપણુને લઇ લેવા તૈયાર જ ઉભો છે. જન્મ સમયની અને મરણ સમયની પીડા યાદ કરીએ તો જણાશે કે આ સ્થૂળ શરીરોમા આપણુને કોઇ પણ જાતનો લાંબો આનંદ કે લાબુ સુખ નથી હોતું. એક ખાવા પીવા વગેરેના સુખ સારૂ આપણે કેટલી ચિંતાઓ કેટલી ઉપાધિઓ વ્હોરી લેવી પડે છે અને તે પણ કેટલા કાળના આનંદ સારૂ? દર વખતે જન્મવું, મરવુ, પાછા જન્મવુ, પાછા મરવું અને સંસારની ઘટમાળમાં ફર્યા કરવુ એ કેટલુ બધુ કંટાળાજનક છે? ફરવુ એ કંટાળાજનક નથી પણ તેની તેજ સ્થિતિમા રહેવું એ કંટાળાજનક છે. આપણુને કોઇ કહેશે કે તમારે જન્મભર કેદમા રહેવું તો એ આપણુને કેટલુ બધુ દુઃખ ઉપજાવે છે; પરંતુ કોઇ આપણુને અમુક મુદત સુધીનીજ કેદમા રાખે તો આપણા આત્માને કંઇ નિરાંત વળે ખરી, એવા વિચારથી કે કોઇ દિન તો આપણે છૂટી શકીશુ. આપણા પિતાએ પણ આપણા સારૂ તેજ બોધ આપ્યો છે. આ જીંદગીના અને આ ભવ અને પરભવના બોજાથી કંટાળવાનું તેમણે કહ્યુ નથી પણ જે પળથી આપણુને આપણા દુઃખનું

અથવા આપણે કોણ છીએ, સંસારમા શા સારૂ અટણ કરીએ છીએ, અને આપણું ભવિષ્ય ચળકતું શી રીતે થાય એ જાણી શકીએ તેજ પળથી આપણું જીવન ફેરવી નાંખવાનું તેમણે કહ્યું છે. સુખ અથવા દુઃખ આપણુને આપણે કરેલાં કર્મો સિવાય બીજુ કોઇ આપતું નથી એ તેમનો ઉચ્ચામા ઉંચો બોધ છે. આપણુને હજારો બલ્કે કરોડો અને તે પણ ઘણાંજ ભયંકર દુઃખો પડે તો તેથી તેનો દોષ કોઇને માથે ન નાંખવાનુ અને કોઇથી ચીડીઆં નહિ કરવાનુ તેમણે સૂચવ્યું છે. વ્યાજબી છે, આપણે આપણી જાતને કુવામાં પાડવા ખાડો ખોદીએ પછી બીજાનો શામાટે દોષ કાઢીએ ? અહોહો, આ બોધ કેટલો બધો ઉત્તમ છે. પ્રભુએ વળી કહ્યું છે. કે તમારા કાર્યેથી તમને જે જે અનુકુળ કે પ્રતિકુળ સ્થિતિઓ પ્રાપ્ત થાય તેમાં આનદ માનતા શીખો. આનુ કારણ એ છે કે આપણા પૂર્વ કર્મના પરિણામે ચાલતી આવતી સ્થિતિઓનો આપણે નાશ કરી શકીએ નહિ. પરન્તુ તેમા સુધારો ફેરફાર તો કરી શકીએ. દાખલા તરીકે મને કંઈ દુઃખ પડે છે, એ દુઃખમા હુ અત્યત રિબાઉં છુ, હુ અહીં તહીં બરાડા પાડયા કરૂ છુ, આને ઠપકો આપુ છુ, અને આને ગાળો દઉ છુ, આને મારવા દોડુ છુ, અને આને ધમપછાડા કરૂં છુ. આથી મ્હારા દુઃખમા કોઇ પણ જાતનો ઘટાડો થવાનો નથી, કિન્તુ હું જે જે નવા કર્મો બાધતો જઉં છુ તેથી મ્હારૂં ભવિષ્ય તો ખરાબ થવાનુ જ. પરતુ જો હું મ્હારો વિચાર બદલી નાંખુ તો મને દુઃખમા પણ આનદ લાગશે અને મ્હારૂ જીવન પણ ફેરવાઇ જશે—એવો શું વિચાર છે ? હું એમ માની લઉં છુ કે આ દુઃખ હુ હસતા ભોગવીશ તોપણ ભોગવવુ પડશે અને રોઇ રોઇને કટાળીને ભોગવીશ તો પણ ભોગવવું પડશે, માટે મ્હારે હસતાં હ-

સ્લાજ દુઃખ ભોગવવું. વળી એમ પણ હું વિચારૂં છું કે આ દુઃખ આ મ્હારાં પોતાના પાછલાં કૃત્યનું પરિણામ છે તો મ્હારે શામાટે કોઇના પર ચીડીઆં કરવાં જોઇએ? વળી ત્રીજો એ વિચાર થાય છે કે જેટલું દુઃખ હું ભોગવું છું તેટલું મ્હારા કર્મમાંથી ઓછું થાય છે. ચોથો વિચાર એ થાય છે કે જે દુઃખ મને સતાપજનક લાગે છે તેવું દુઃખ બીજા જીવને કેમ નહિ લાગતું હોય? પાંચમો વિચાર એ થાય છે કે મ્હારા દુઃખમાં બીજાઓને હુ દુ.ખી કરૂં તો વળી મ્હારે પણ તેમનાં દુઃખમાં સપડાવું પડે એટલે એમ નથી કે બીજાનુ દુખ મ્હારે શિરે લેવા હું નારાજ બની જઉં છુ પરતુ નવું દુઃખ મ્હારા પોતાને માટે હું ઉત્પન્ન કરતો નથી. આ વિચારથી મ્હારા આત્માને કેટલો આનદ અને લાભ થાય છે? એક તો મ્હારૂં દુઃખ ઓછુ થતું ચાલે છે, બીજુ મને આનદ મળતો જાય છે, ત્રીજુ બીજાઓના દુઃખો હુ સમજતો જઉ છુ અને છેવટે હુ મ્હારા આત્મામા ધૈર્ય અને સહનશીલતા એ બે જબરા ગુણને કેળવતો જઉ છુ. પ્રભુએ આપણા આત્માને પ્રથમ નિર્મળ કરવાના અને તે દ્વારા આપણું આત્મ સ્વરૂપ જાણી શકાય એ સારૂ ચાર ખુલ્લા માર્ગ બતાવ્યા છે તે નીચે પ્રમાણે:—

દાન.
શિયલ.
તપ.
ભાવના.

એ ચાર ગુણોને કેળવવાથી આપણો આત્મા નિર્મળ થતો જાય છે અને વધારે જ્ઞાન, વધારે બુદ્ધિ, વધારે શક્તિઓ આવવાના બારણા

ખુલ્લાં થતાં જાય છે અને તેથી આપણે આપણુ સ્વરૂપ ઓળખતા થઇએ છીએ.

'દાન' એટલે કોઇને કઇ ચીજ આપવી તે. 'દાન'ના અને તેવાજ બીજા ગુણોના ઘણાયે ન્હાના ન્હાના ભેદો ચર્ચવામાં આવ્યા છે પરંતુ આપણે તો અહીંયા માત્ર મ્હોટા ભેદો હાથમાં લઇએ છીએ. કોઈ જીવ અત્યંત મુસ્કેલીમાં આવી ગયો હોય તેને તેમાથી ઉગારવો એટલે કે એક જીવને બીજો જીવ કંઇ વૈર બુદ્ધિથી મારી નાંખતો હોય એમાથી તેને સહાય્ય આપી બચાવી લેવો એને આપણા પ્રભુએ 'અભય દાન' કહ્યુ છે. કેટલાઓ એમ કહેશે કે તેનુ આયુષ્ય વધારે હશે એમા તેને ઉગારવાનું પૂણ્ય તમને શી રીતે મળે ? કોઇ માણસનુ આયુષ્ય કેટલુ હશે, તેના કર્મમાં શુ હશે કે નહિ તે આપણે જાણતા નથી અને તે જોવુ એ આપણી ફરજ નથી. આપણો ધર્મ તો તેને મદદ આપવામા સમાપ્ત થાય છે. તેને બનતી મદદ કરવી એ આપણો ધર્મ છે. તેનુ આયુષ્ય વધારે હશે તો તે જીવશેજ અને ઓછુ હશે તો મરી જશે એમા આપણું કાંઈ ચાલે એવુ નથી. તે નિશ્ચયપર આવી જઇ આપણે આપણા બધુજીવોને મદદ કરવાનું વિસરી જઇએ તો આખા જગત્મા કેટલી ક્રુરતા અને અધકાર વ્યાપી જાય ? આપણે પોતે કોઇ ઘર તૂટી પડતું હોય તેની નીચે આવી પડયા હઇએ તે સમયે આપણો શો મુખ્ય વિચાર હોય છે ? ધારો કે તે વખતે મદદગારો જે જે માણસો દબાઇ જતા હોય તેને કાઢવા આવે છે, તે સમયે આપણે એવો વિચાર કરીને બેસી રહીશુ કે આપણું કર્મ હશે તો તે આપણુને પકડીને બ્હાર કાઢશે કે આપણે તેની પાસેજ બારોબાર ચાલ્યા જઇશું અને તેને બ્હાર કાઢવા કરગરી પડીશુ ? આપણી જેવી સ્થિાત તેવીજ બી-

જાની અને જે જે વસ્તુઓ સ્વાભાવિક રીતે અદૃશ્ય હોય તેને આપણા નિત્યના કર્મ સાથે ભેળવવી નહિ પરંતુ આપણે આપણો ધર્મજ સંભાળ્યા કરવો. કર્મોનો હિસાબ જેની પાસે હશે એવા દેવોની ફરજો તેઓ બજાવશે અને આપણી ફરજ આપણે બજાવવી. બીજું દાન 'જ્ઞાન દાન' આપણે કહી શકીએ. કોઇ જીવને જ્ઞાન આપવું એ આંખો આપવા બરાબર છે. આપણે દુનીઆનો વ્યવહાર શીખ્યા, રમતા શીખ્યા, વાંચતાં શીખ્યા, લખતા શીખ્યા તે શી રીતે? આપણને જ્ઞાનરૂપી આંખો મળવાથી. જે જે જીવો અજ્ઞાન હોય અને જેમને જેવા જ્ઞાનની જરૂર હોય તેવુ જ્ઞાન કોઇ પણ જાતના બદલા વિના આપવું એ આપણો ધર્મ છે. આપણે સુખની ટેકરીપર ચઢીને બેસી જઇએ અને આપણા સગ્ગાં ભાઇ-બ્હેનો દુઃખના ખાડામાં અથડાયાં કરે એ શું આપણે માટે સારૂં કહેવાશે? હરગીજ નહિ. આપણા દેશને સુધારવા, આપણા સુખો વધારવા, આપણી પાસે જે જે જ્ઞાન હોય તે આપવા સારૂ આપણે બંધાયેલાજ છીએ અને તે આપવા જરા પણ પાછી પાની ન કરવી. આપણા વીર પ્રભુએ આપણને સંસાર સમુદ્રમાથી તરવાને જ્ઞાન રૂપી ન્હાવ આપ્યુ તે શા બદલા સારૂ? પ્રભુ અનંત જ્ઞાની. અનંત દર્શની અને અનંત શક્તિમાન હતા તેમને આપણે શું કાઇ આપી શકવાના હતા? નહિજ, પરંતુ તેમણે તેમની પવિત્ર ફરજ બજાવી અને આપણે આપણી ફરજ અદા કરવી જોઇએ.

વળી, કોઇ માણુસ ભૂખ્યુ હોય, કોઇને તૃષા લાગી હોય, કોઇને ત્યાં ખાવાના સાસા હોય, કોઈ ખાનદાનનુ ઘર ભાગી ગયું હોય અને તેના બૈરાં છોકરાંને જીવવું એ મરવા બરાબર થયું હોય તો તે સર્વને આપણે બનતી સહાય્ય આપવી એ આપણો ધર્મ છે. આપણે

જે જે દાન કરવું તે વિચાર કરી કરવું એટલે 'તેનો સદુપયોગ' થશે એ વિચાર કરીને જ કરવું. જગતના બધા જીવો આપણા બન્ધુઓ સમાન છે. આપણા એક હાથમાં ફાંસ વાગી હોય તો બીજો હાથ તે ફાંસ કાઢવા કેવો તૈયાર થઇ જાય છે? આપણે આપણા જ બન્ધુઓને મદદ નહિ કરીએ તો બીજું કોણ કરશે?

'શિયળ' એ ગુણ આર્યભૂમિમા પ્હેલાના જેવો અસ્તિત્વ ધરાવતો નથી. હાલની ન્યાયાસનોમાં 'વ્યભિચાર' વગેરેના કેટલા બધા કેસો આવે છે? તે ઉપરાત છુપા ગોટાળા જે ચાલતા હશે તે તો આપણે કહી શકતા નથી. આ બધાનું કારણ શું? અસતોષ. ગુન્હેગાર માણસોનો જ એકલાનો દોષ આપણે કાઢી નાખીએ એમ નથી. આપણી હાલની સ્થિતિ અને કઢગા રિવાજો પણ દોષને પાત્ર છે પુત્ર-પુત્રીની જાણ બ્હાર તેમને પ્રતિકુળ સ્વભાવના પતિ-પત્ની મેળવી આપવાં એ આપણે દયાભર્યું પગલુ ભરતા નથી. કન્યાવિક્રય એ વધારેમાં વધારે દોષજનક રિવાજ છે પુત્રીને ગમે તેટલી ઉમરના, અને ગમે તેવા રોગવાળા માણસ સાથે પરણાવી દઇએ એ શું દોષ આપણો નથી? આપણો પુત્ર ઘણો જ ભણેલો-ગણેલો હોય અને તેને ભણેલા માણસનો જ સહવાસ પસંદ હોય તો તેની લાયકીનો ખ્યાલ દૂર કરી ગમે તેવા કુટુબમાં ઉછરેલી અભણ અને આપણા પુત્રના સ્વભાવને પ્રતિકુળ કન્યા પરણાવીએ તો તેથી શુ પરિણામ આવે? અગીઆર વર્ષના છોકરાને પદર વર્ષની કન્યા પરણાવીએ તો તેથી શુ પરિણામ આવે? ઢીંગલા-ઢીંગલીને પરણાવી દઇએ તો શુ પરિણામ આવે? આપણાં છોકરાને વ્હેલા વ્હેલા પરણાવી દઇ-સસારની દુગ્ધામા નાખી દીધા એટલે આપણી ફરજ શુ પૂરી થાય છે? કદાપિ નહિ. આપણી ફરજ આપણે બજાવવી જોઇએ અને તે પૂરેપૂરી રીતે. આપણને અચ્છેર

અનાજની જરૂર હોય છે તો આપણા પેટમાં આપણે શું અઘોળજ નાંખીએ છીએ કે ચારશેરનો ભાર ભરીએ છીએ ? આપણા સંસારની વિચિત્ર રૂઢીઓને દેશવટો આપી દઇ આપણા પુત્ર પુત્રીને આનંદી ગૃહસ્થાશ્રમી બનાવવા એ આપણી ફરજ છે જે માણસોને સ્વાભાવિક રીતે 'અસંતોષ' હોય તેઓએ જાણવું કે મનુષ્યને પોતાના કર્મથી પ્રાપ્ત થયેલી સ્થિતિમાથી કૂદી પડવાનો કોઇ પણ જાતનો અધિકાર નથી. તમારા પૂર્વભવના પરિણામે તમને જે મા–બાપ મળ્યાં છે તેમાં તમે શું ફેરફાર કરો છો અથવા તમે શુ ભાડુતી માબાપો લઇ આવો છો ? કદાપિ નહિ. ત્યારે તમારા ભાગ્યના બળે તમને જે પત્ની પ્રાપ્ત થઇ તેપર અસંતોષ ધરવાની જરા પણ જરૂર નથી. આપણા રીત રિવાજો ખરાબ છે, ખરા, પણ આપણે આવી સ્થિતિમાં અવતર્યા તે પણ આપણું જ કર્મ માટે જે સ્થિતિ આપણને પ્રાપ્ત થઇ હોય એ નાશ કરવાનો પ્રયત્ન ન કરાય પણ તેને સુધારવા પ્રયત્ન કરાય. વળી એક દુર્ગુણને જો આપણે પોષણ આપીએ તો આપણને અમુક પ્રકારની ટેવ જ પડી જાય છે અને પાછળથી અત્યંત પુરૂષાર્થ કરવા છતાં પણ એ ટેવ છૂટી શકતી નથી. આપણા મનોવિકારને ઘણા જ કબજામા રાખવા અને આપણને કોઇ પણ દોષ લાગે તેવો વિચાર, વચન કે કર્મ કરવુ નહિ આપણે આગળથી જ ચેતતાં રહેવુ જોઇએ અને અત્યત વિવેકબુદ્ધિથી સ્ત્રી પુરૂષ સાથે કામ પાડવુ.

'તપ એ ત્રીજો ગુણ છે. આપણા શરીરને હદથી ઉપરાત ખવરાવવા–પીવરાવવાથી તે ઘણું બ્હેકી જાય છે અને તે આપણા કબજામા રાખવું પણ મુસ્કેલ પડે છે આપણા નોકરને આપણે ઘણો જ મોઢે ચઢાવ્યો હોય તો શુ દશા થાય છે ? આપણા હુકમની તે જરા પણ પરવા કરતો નથી. આપણી સાથે શેઠ–નોકરનો સબધ છોડી

મિત્રનો સંબંધ .કરવા તૈયાર થઇ જાય છે. તે પ્રમાણે આ-પણું શરીર એ આપણા આત્માનો તાબેદાર નોકર છે. શરીર એ આપણું પશુ છે. આપણા આત્માને કામ કરવાનું એ સાધન છે. પણ એ શરીરે હવે કેવું રૂપ લીધુ છે? અમુક ચીજ વગર તો તેને ચાલે જ નહિ. ખાવાપીવાના અમુક વ્યસન વગર તો તેનાથી રહી શકાય જ નહિ. આ બધાનુ કારણ શુ? આપણે આપણા શરીને હદ ઉપરાંતના લાડલડાવ્યા છે તે—આપણને આવા શાતિ ભર્યા સ્થાનમાં બેસીને આપણા ભૂત–વર્તમાન અને ભવિષ્યનો વિચાર કરવાનુ મન થાય ત્યા તે શરીર આરામ માંગશે. આપણા પ્રભુએ તે સારૂ 'તપ' એ નામનો ગુણ ખીલવવાનુ આપણને ઉપદેશ્યુ છે. આપણા શરીરને કાબુમાં લાવવા તેને કોઈ કો. સમય નીરસ ખોરાક આપવો, કોઇ સમય ઘણા જ થોડા પ્રમાણમાં આહાર આપવો કોઇ સમય તેને અમુક આસનોથી નિયમમા લાવવુ એવો એમણે માર્ગ બના-વ્યો છે. ઘણાખરા મનુષ્યોની આમા ગેરસમજુત થાય છે. શ-રીરને હદ ઉપરાત્તનુ કષ્ટ આપવાથી આપણને મોક્ષ તરત જ મળી શકતું નથી, કે સ્વર્ગનુ વિમાન .આપણે માટે તૈયાર થઇ જતું નથી. શરીર એ આપણુ સાધન છે અને તે નિરોગ હોય, તે આપણા કા-બુમાં હોય તો આપણે તે વડે ઘણા ઉપકારના કામો કરી શકીએ. એ સારૂ શરીરને 'તપ' વડે નિયમમા લાવવુ જોઇએ. શરીરને નિયમમા લાવવા સારૂ તેને '**ભૂખમરા**' **થી** રિબાવવું નહિ, તેની દરેક જાતની કાળજી રાખવી પરતુ તેને આપણા નિયમમા જ રાખવું. આપણું શરીર રોગી થઇ જાય, નિર્બળ થઇ જાય તો આપણો 'ધ ' જે એ જ શરીરવડે બજાવવાનો છે તે શી રીતે બજાવી શકીએ? આપણું ન્હાનુ બાળક આપણું કહ્યુ ન કરતું હોય તો . આપણે તેને

ધમકાવીએ છીએ અને વખતે માર પણ મારીએ છીએ. પણ આપણે તેની સામે એવા ડોળા નથી કાઢતા કે તે તરત જ બ્હીને છળી મરે, કે આપણે તેને એવો માર નથી મારતા કે તેનો બરડો તૂટી પડે. આપણો આશય બાળકને તેના લાભાલાભ સમજાવવાનો છે અને તે સમજાવી શકીએ તેવા ઉપાય આપણે હાથમા લઇએ છીએ. તે પ્રમાણે આપણા શરીરને આપણે કાબુમા રાખવા 'તપ' એ નામના સદ્‌ગુણને ખીલવવો કે જેથી આપણા શરીરને આપણે આપણા લાભ સારૂ વાપરી શકીએ. એ શરીરને આપણે હદ ઉપરાતના કષ્ટથી તોડી નાખીએ એ તો અનર્થ કહેવાય.

'ભાવના' એ ચોથો સદ્‌ગુણ છે. પાણીમા જેટલુ બળ છે, તેથી વધારે વરાળમા છે. તે પ્રમાણે જેટલું બળ આપણા શરીર વડે કરાતા કૃત્યોમા છે તેથી વધારે બળ આપણા વિચારોમા છે. આપણે જે જે વિચારો કરીએ છીએ તેની ચોક્કસ અસર થાય છે. તમે એક જ સમયે રોજ એક જ અમુક પ્રકારનો વિચાર કર્યા કરો. તમને તેનુ પરિણામ તમારા વિચાર બળના પ્રમાણમા થોડા યા વત્તા સમયમા જણાઈ આવ્યા વિના રહેશે નહિ. અમેરિકામા અને બીજા આગળ વધેલા દેશોમા વિચારોના અખ્તરા થાય છે, પરતુ આપણા વીર પિતાએ તો તે વિચારના બળના જ્ઞાનને અઢી હજાર વર્ષપર જાણ્યુ હતું અને તેનો ઉપદેશ આપ્યો હતો. આપણે જો હમેશા એવો વિચાર કરીએ કે 'અમુક માણસનું કલ્યાણ થાઓ' તો તે વિચારની વીજળીની માફક અસર થાય છે. આપણી ભાવનાઓ પ્રથમ શુદ્ધ કરવાનુ અને તે પછી તેમને ફેલાવવાનુ આપણા વીર-પિતાનુ ફરમાન છે. આપણે પ્રતિદિન આપણા બન્ધુઓ અજ્ઞાનમાથી બ્હાર આવે, આપણા પિતાએ સૂચવેલો રસ્તો

દેખે અને શીખે અને આખું જગત્ અજ્ઞાનના અંધકારમાંથી મુક્ત થાય અને સર્વ પ્રાણી સુખી થાય એ ભાવના આપણે રોજ ભાવવી.

ચારે ગુણોને હમેશાં ખીલવવાથી આપણે વધારે નિર્મળ થતા જઇએ છીએ. આપણામા જ્ઞાન, બુદ્ધિ વગેરેનો વિકાસ થતો ચાલે છે અને આપણે દિવસે દિવસે વધારે શક્તિમાન બનતા જઇએ છીએ. આપણે આ જન્મમા જેવી ઇચ્છાઓ કરી હોય છે તેવા જ પ્રકારનુ આવતા જન્મમા આપણને શરીર મળે છે, અને આપણને અનુકુળ સયોગોમાં આપણે ફરી જન્મ લઇએ છીએ. આપણા બ્હારના શરીરોને આપણે બરાબર જાણી, અદરના સ્વરૂપમા ઉતરતા જઇએ, આપણો આત્મા શુદ્ધ બનતો જાય, આપણા બન્ધુઓને પવિત્ર જ્ઞાનનો લાભ થાય, આપણા દેશીઓ અને પરદેશીભાઇઓ પણ એ સુખના ઉમેદવાર અને અધિકારી બનતા જાય એવી ઇચ્છા રાખવી, એવુ વર્તન રાખવુ અને તેને પોષણ આપતા જવુ એમા કેટલો બધો આનદ અને ધર્મ સમાયેલો છે. આપણે ઇચ્છીએ કે દરેકને એ જાણવાની ઇચ્છા થાય કે,

'હું અને મ્હારો ધર્મ'

એ શુ? સર્વત્ર શાતિ પ્રસરો. અસ્તુ

અમદાવાદ કાચું નથી.

સો ટચનાં સોનાની થયેલી ફતેહમંદ કસોટી અને પાપીઓનાં પકડાયેલાં પોકળ.

આજકાલ ડૉકટર, વૈદ્ય અને હકીમોનાં બજાર ઘણાં તેજ ચાલે છે. તેમની અદરો અદર હરિફાઈ પણ ઘણી વધી ગયેલી છે. આ કારણથી દરદીઓને હોશીઆર, ભણેલોગણેલો અને અનુભવી વૈદ્ય કેમ શોધી કહાડવો તેની ઘણીજ મુઝવણ થાય છે. **સંગ્રહણી (ઝાડાનો રોગ), મુવારોગ** વગેરે ભયકર દરદોને મટાડવા મ્હારી પાસે શાસ્ત્રોક્ત અનુભવ સિદ્ધ દવાઓ હોવાથી મે માસિક રૂ. ૨ લઈને તે દરદો મટાડવા હીમત બતાવેલી જેના પરિણામે હું ખુદ અમદાવાદના માનવતા ગૃહસ્થો, મીલમાલેકો, સરકારી નોકરો, પોસ્ટ તથા રેલવેના નોકરો વગેરેના દરદો મટાડી સર્ટીફીકેટો મેળવવા ભાગ્યશાળી થયો છુ એટલે મ્હારી પાસે દરદની પરીક્ષા તથા સચોટ ઉપાય છે એ સબધમા હવે બે મત નથી. વધારે ખાત્રી માટે મ્હારી પાસેથી સર્ટીફીકેટોની બુક મગાવી જોવી. આના પરિણામે કેટલાક અકલ વગરના નકલીઆ મ્હારી જ દવાશાળાનુ અનુકરણ કરી પૂરતા જ્ઞાન અને અનુભવ વગર-વગર મહેનતે યશ અને પૈસો ખાટવાની ઈચ્છાથી મ્હારા દરદીઓને ભોળવવા અને મ્હારા યશરૂપી સૂર્યને ઝાખો પાડવા રાહુરૂપે કામ લીધુ છે અને દરેક ઉપાય કરી ચૂકયા છે. અને તે પાપીઓનાં પોકળ અમદાવાદની કદરદાન પ્રજાએ પકડયાં છે અને સુવર્ણને કસોટીપર મૂકવાથી સો ટચનુ સોનુ છે એમ સાબીત કરી આપ્યુ છે. અમારે સ્વમુખે કહેવાની જરૂર નથી કે અમારા આ હિતશત્રુઓને પેટભરીને ખાસડાં મળ્યાં છે અને અમારા દરદીને ભોળવવાના ઉપાયો

નિષ્ફળ જવાથી તેમના હાથ હેઠા પડ્યા છે. આમ છતાં અમદાવાદની કદરદાન પ્રજાને જણાવવાની ખાસ જરૂર છે કે અમારી જ દવાશાળાનું, અમારી જ પદ્ધતિનું, અમારા જ હેન્ડબીલોનું અને દરેક બાબતમાં અમારૂં અનુકરણ કરનારથી જરા પણ ઠગાવું નહિ. અને પાછળથી અમારૂં ખોટું બોલે તેનાથી ભરમાવું નહિ. દરેક શકાનો અમને રૂબરૂમાં પૂછી ખુલાસો કરવો અને અમારા નીચેના નિયમોથી વાકેફ રહેવું. દરેક ભયંકર રોગની દવા માસીક રૂ. એજ લઇને કરવામા આવે છે.

૧. દવાશાળાનો ટાઇમ સવારના ૮ થી ૧૨ અને સાંજના ૪ થી ૮ છે.

૨. દરેક દરદીની દવાના માસિક રૂ. ૨ અગાઉથી લેવામાં આવે છે. મુંબાઈ ખાતે માસિક ફી રૂ. ૫ છે.

૩. ધાવણાં બાળકોની વરાધ, રતવા, તાવ વીગેરે માટે માસિક દવાની ફી રૂ. ૧ છે.

૪. પોતાની ગલફતથી દરદી જેટલા દિવસ દવા ન લઇ શકે તેના પૈસા પાછા અપાશે નહીં.

૫. એક માસથી ઓછી દવા લે તોપણ પૂરા માસની ફી લેવામાં આવે છે.

૬. મ્હારા અવકાશે કોઇ દરદીને પોતાને મકાને જોવા જવાની ફી ગાડી ખર્ચ ઉપરાંત રૂ. ૧ થાય છે.

૭. કોઇ પણ ધર્મના સાધુઓને, મહાત્માઓને, ઉપદેશકોને અને અનાથ નિરાધારોને ફી લીધા વિના દવા મળે છે.

૮. કેટલાએક નાનાં ગામોમાં સારા વૈદ્યને અભાવે પડતી મુશ્કેલી દૂર કરી વખત તથા પૈસાના નિરર્થક મોટા ખર્ચથી બચાવનારી માત્ર આજ સંસ્થા છે. રોગનું નીદાન નાડી જોઇને કરવામાં આવે છે.

દરદીઓના લાભાર્થે નોંધ.

મ્હારી પાસે એવા રોતા કકળતા દરદીઓ આવે છે કે જેમના બોલવાથી મને દયા આવે છે. તેઓ કહે છે કે 'ભાઈ, અમે ફલાણી ફલાણી પેટંટ દવાઓ વાપરી થાક્યા પરંતુ કંઈ ફાયદો ન થયો પ-રંતુ દરદ વધતું ચાલ્યું અને એકમાંથી બીજું દરદ ઉત્પન્ન થયું.' દરદીઓએ જાણવું જોઈએ કે બ્હારનો આડંબર તે બધો સાચો હોતો નથી. અમદાવાદ, જામનગર, જેતપુર, ભાવનગર દરેક સ્થળે ઉત્તમ વૈદ્યો છે માટે પૂરતી તપાસ કરી, જે વૈદ્યની દવા કરવા ઇચ્છા થાય તેની કારકીર્દી સાંભળવી, તે ઉત્તમ સલાહકાર લેખાય છે કેમ તે જોવું, તે સાક્ષર છે કે નીરક્ષર તેની પણ પરીક્ષા કરવી અને પોતાની ખાત્રી થાય તોજ દવા શરૂ કરવી. પોતાની અત્યંત મા-નીતી કાયા બીજાના હાથમાં વિશ્વાસે સોંપીએ અને તે વિશ્વાસનો દુરૂપયોગ થાય તો આપણે વિમાસવું પડે.

આવાં કેટલાંક દયા ખાવા જેવા ચિત્રો નજરે જોવાથી, ઋ-ષિમુનિઓએ તથા પૂજ્યધર્મપરાણ મીસીસ એની બીસાંટ કે જેનો હું પ્રશંસક છું તેમણે બોધેલું અને પોતાના ચળકતા દૃષ્ટાંતથી અમ-લમાં મૂકેલું ' સેવાધર્મ ' નું સૂત્ર હું ઉપયોગમાં લેવા અત્યંત આનં-દથી પ્રવૃત્ત થયો છું, એવી ઇચ્છાથી કે જગતનું અજ્ઞાન દૂર થાય અને તે સાથે ' નામીચા ઠગારા ' ઓનું જોર નષ્ટ પણ થાય.

આજ આશયથી હું અમદાવાદમાં માસિક ફી રૂ. ૨) અને મુસા-

ઇમાં રૂ. ૫) લઇ ગમ્મે તે પ્રકારના દરદથી પિડાતા દરદીની દવા કરૂં છુ. 'સંગ્રહણી' અને 'સુવારોગ' એ બે જીવલેણ દરદો પણ મ્હેં તેજ સરતે મટાડેલા છે અને તે દરદીઓએ મને પોતાની શક્તિ અનુસાર ઇનામ આપી સર્ટીફીકેટો પણ લખી આપેલાં છે, જે દરેકને મફત મોકલાય છે. અમદાવાદના અને બહારગામના દરદીઓએ કોઇ પણ રીતે મુઝાવુ નહિ અને જ્યાંસુધી હું અમદાવાદમાં છુ ત્યાંસુધી મ્હારી શક્તિ અને જ્ઞાનના પ્રમાણમાં હું દરેકદરદી ને બનતો લાભ આપીશ.

બ્હાર ગામના દરદીઓ માટે.

બ્હાર ગામના દરદીઓએ પોતાના દરદની સવિસ્તાર હકીકત 'વૈદ્યની સાથે વાતચીત કરતા હોઇએ' તેવી રીતે લખી મોકલવી અને કેટલા માસની (મ્હારી માસિક દવાની ફી ઉપર જણાવ્યા પ્રમાણે રૂ. ૨ છે) દવા જોઇએ છે તે જણાવવુ એટલે હુ તે દરદપર સચોટ અને ચમત્કારી અસર કરે એવી દવા વી. પી. થી મોકલી આપીશ. **રૂ. ૨) થી ઓછી દવા વી. પી. થી નથી મોકલવામાં આવતી.**

ગુપ્ત દરદો.

પુરૂષના ગુપ્ત રોગો જેવા કે નપુષકપણું, ચાદી, વીર્યસ્રાવ, કમતાકાત અને સ્ત્રીઓના રોગો જેવા કે અસંત ઋતુસ્રાવ, રજોદર્શનની અનિયમિતતા, ગર્ભસ્થાનના દરદો વગેરેપર અમારૂં ઔષધ ચોક્કસપણે કામ કરે છે માટે દરદીઓએ ખુશીથી પત્રવ્યવહાર કરવો. પત્રવ્યવહાર

તદ્દન ગુપ્ત રાખવામાં આવે છે માટે કોઇએ પણ મુઝાવુ નહિ અને અમારી દવાશાળાનો પૂરતો લાભ લેવો.

સલાહ.

કોઇ પણ રોગપર મ્હારી સલાહની જરૂર હશે તો તે હું કંઇ પણ ફી લીધા વિના લખી મોકલીશ.

લાભાર્થે નોંધ.

કોઇ પણ ધર્મના સાધુ, બાવા, યતિ, ફકીર, સન્યાસી, અને નિરાધાર તથા અનાથો સર્વને સારૂ મ્હારી દવાશાળા હમેશાં ખૂલી છે માટે તેઓએ પણ કંઇ પણ ફી આપ્યા વિના લાભ લેવા જરા પણ અચકાવુ નહિ. હું તેમનો સદાનો દાસ છુ.

પેટંટ દવાઓ.

અમુક જાતના રોગપર અથવા ભયંકર રોગપર પેટંટ દવા હોઇ શકે જ નહિ કારણ કે મનુષ્યની પ્રકૃતિમાં ફેરફાર હોવાથી દરેકને એકજ સામાન્ય દવા અસર કરે નહિ માટે પેટટ દવાની ભ્રમણામા કોઇ જાતના દરદ અથવા ભયંકર દરદના રોગીએ ફસાવુ નહિ. અમારી સાથે પત્ર વ્યવહારમા દરદની પૂર્ણ હકીકત લખવી. સાધારણ રોગોપર મ્હે નીચેની દસ દવાઓ બ્હાર પાડી છે તે એવી તો ચમત્કારી અસર કરે છે કે મ્હારી દવાશાળામાંથી શહેર અને બ્હારગામના અનેક ઓર્ડરો તે દવા સારૂ આવે છે.

ધાતુ-ભસ્મો અને રસો.

સુવર્ણ, રૌપ્ય, બંગ (કલાઇ), જસત, તામ્ર, લોહ, માક્ષિક, અભ્રક, હડતાલ, પ્રવાલ વગેરે ભસ્મો, તથા સુવર્ણ વસંતમાલની, પૂર્ણ ચંદ્રોદય, શ્વાસકોઠાર, અગ્નિરસ, આનન્દભૈરવ રસ વગેરે રસો પણ અમારી દવાશાળામા શાસ્ત્રોક્ત વિધિએ તૈયાર કરેલા મળે છે. ભાવ-તાલ માટે પત્રવ્યવહાર કરવો.

પત્ર વ્યવહાર.

પત્ર લખનારે કાગળની એક બાજુપરથી, શાહીથી લખેલા ચોખા અક્ષરથી પત્રવ્યવહાર કરવો. નોંટપેડ પત્રો સ્વીકારવાના નહિ આવે. જવાબસર ૦—૦—૬ નં. ટીકીટ બીડવી, એ વિવેક આજકાલ સૌ જાણે છે.

મુંબઇમાં મેળાપ.

ગુજરાત અને કાઠિયાવાડમા સગ્રહણી (ઝાડાનો રોગ) વગેરે ભયંકર રોગોપર મારી દવાએ સચોટ અસર કરવાથી મુબઇમા મારી દવાશાળાનો લાભ લેવા ઇચ્છનારાઓ માટે મેં માધવબાગ સામે ચદાવાડીમાં સી. પી. ટેન્કરોડ ઉપર દવાખાનુ ખોલ્યુ છે, તેમા મારો મેળાપ દર રવિવારે સવારના ૯ થી ૧૨ સુધી અને સાંજે ૪ થી ૮ સુધી થાય છે. માસિક દવાની ફી માત્ર રૂ ૫)

અમારી એકી અવાજે વખણાયેલી દસ દવાઓ.

જુલાબની જાણીતી ગોળી—એક પૈસાની છ. ૦-૪-૦ ની સોની શીશી. બે વર્ષના બાળકને એક, તેથી વધારે ઉંમરનાને બાર વર્ષ સુધી બે, બારથી અઢાર વર્ષ સુધીનાને ચાર અને તેથી મ્હોટી વયનાને છ રાત્રે સુતી વખતે ઠડા પાણીમાં ગળાવી દેવી **જેટલી ગોળી તેટલા સવારમાં ઝાડા થશે એ આ ગોળીનો ચમત્કાર છે.** વખતે વધારે ઝાડા થઇ જાય તો રૂપીઆભાર સાકર ચટાડી દેવા.

ઉધરસની અમીરી ગોળી—એક પૈસાની છ. ૦-૪-૦ ની ૧૦૦ ની શીશી ચાર ચાર ગોલી મ્હોંના રાખી રસ ઉતાર્યા કરવો. ગમે તે પ્રકારની શરદીની કે ગરમીની ઉધરસ એકદમ બધ થઇ જશે.

ગરડાની ગોળી—એક પૈસાની છ, ચાર આનાની ૧૦૦ ની શીશી. ચાર ગોળી ઠંડા પાણીમા ગળી જવાથી તત્કાળ આરામ થઇ જશે.

ઉલટી-ફેર-ચક્કરની ગોળી—એક પૈસાની છ. ચાર આનાની ૧૦૦ ની શીશી. ઠડા પાણીમા પાચ ગોળી ગળી જવી. ઉલટી ફેર-કે ચક્કર તરત જ બધ થઈ જશે.

દાઢની ગોળી—દાઢ દુઃખતી હોવ, કળતર થતું હોય તો જ્યાં કળતર થાય ત્યાં આ ગોળી મૂકી દેવી તરત જ દાઢ દુઃખતી બધ પડી જશે. એક પૈસાની છ ૧૦૦ ની શીશીના ૦-૪-૦.

દસ્ત સાફ લાવવાની ગોળી—એક પૈસાની છ. ચાર આનાની ૧૦૦ ની શીશી. રાત્રે પાચ ગોળી ઠડા પાણીમા ગળી જવી સવારે એક સાફ ઝાડો થઇ જશે.

માથું દુઃખતું અટકાવવાનો બામ (મલમ)—એક શીશીના ચાર આના. શીશીમાંથી થોડી દવા લઇ કપાળ અને લમણાપર સારી રીતે ઘસવી. એકદમ આરામ થઇ જશે આ મલમ અત્યંત સુવાસિક છે.

પગમાં કળતર થતું અટકાવનાર તેલ—ટાટીઆ તૂટતા હોય, કળતર થતું હોય. દુઃખ થતું હોય તો આ તેલ થોડુ ચોપડવું, પણ ઘણું ઘસવુ. તત્કાળ આરામ—એક શીશીનુ મૂલ્ય ૦–૪–૦.

દાદરની સોગટી—રાતી કાળી દાદર થઇ હોય, ખરજવુ થયુ હોય તો આ સોગટી પાણી સાથે ઘસી ચોપડવી કે તરતજ આરામ થશે. એક સોગટીના ૦–૪–૦.

સુરમો—આખે ઝાખ વળતી હોય, થોડુ વાચવાથી માથું દુખી આવતુ હોય, વારવાર આખો બધ કરી સુવાની ઇચ્છા થતી હોય તો આ સુરમો સળીપર રહે તેટલો આખમા લગાવવો એક શીશીના ૦–૪–૦.

વૈદ્ય હરિશંકર લાધારામ દ્વિવેદી,
સગ્રહણી (ઝાડાના રોગ) અને સુવારોગના ખાસ વૈદ્ય.
દોશીવાડાની પોળ—અમદાવાદ.

એક ખુલ્લી ચેતવણી.

અમારી દવાશાળાનો લાભ લેનાર તથા લાભ લેવા-ઇચ્છા રાખનાર મહાશયોને જણાવવાની ખાસ જરૂર છે કે ભયંકર દરદો પ્રત્યે અમારી દવાએ થોડા ખર્ચમાં અમૂલ્ય ફાયદો કરી બતાવેલો હોવાથી અમારી દવાશાળામા દરદીની ગીરદીનો પાર ન રહેતો હોવાથી અમારા હિત શત્રુઓ પોતાની આખે આ સઘળું જોઈ શકતા નથી અને અમારા દરદીઓને લોભાવવા-ભોળવવા-ઉધુંચતું સમજાવવા અનેક પ્રયાસો કરે છે. છેવટે તેમને ત્યા ફી લીધા વિના વીઝીટો આપી આવે છે અને દવા સુદ્ધાંત પણ કરે છે. આ જાળમા સપડાયેલા અનેક દરદીઓએ અનુભવ કરી જોયો છે કે પૈસા લીધા વિના દવા કરનાર મહાશયોએ દરદ મટાડવા કરતાં દરદને વધારી દીધુ છે અને આખરે મ્હારી દવાશાળાનો લાભ લીધા વિના છૂટકો થયો નથી. અમે આ હિતશત્રુઓને ઠેકાણે લાવવાનો પ્રયત્ન કરીએ છીએ તેટલામા જણાવવાની જરૂર છે કે આવા ઠગારાઓથી, અથવા પાછળ નિન્દા કરનાર અને અમારી જ નકલ કરનાર આડંબરી પણ અજ્ઞાન વૈદ્યોથી કોઇએ છેતરાવું નહિ, તેવો માણસ કેવાં લક્ષણોવાળો હોઇ શકે તેનો પોતાની મેળેજ ખ્યાલ કરી લેવો. દરેક ખુલાસો અમારી રૂબરૂમા કરવો.

વૈદ્ય હરિશંકર લાધારામ દ્વિવેદી,

સગ્રહણી (ઝાડાનો રોગ) તથા સુવારોગની પ્રખ્યાત દવાશાળા

દોશીવાડાની પોળ-અમદાવાદ.

શ્રી દેશી નાટક કંપની લિમીટેડ તરફથી ટુ સમયમાં ભજવવામાં આવનાર

'તપસ્વિની-નાટક'

રચનાર-રા. ચીમનલાલ કચરાભાઇ શાહ.

સતીત્વ પરત્વે લખાયેલું મનહર ગાયનો અને અલંકાર સરળ ભાષા સહીત, નીતિ, ધર્મ અને સત્યની ઉચી છાપ બેસાડ ગૃહસ્થાશ્રમ સુધારવામા પ્રાધાન્યપણે કામ કરનાર, દરેક કુટુંબમાં રાખવા લાયક, ઉછરતા બાળકોને ખાસ વચાવવા યોગ્ય, આ ગ્રંથ ઉચા ગ્લેઝ કાગળપર, સુંદર પુઠા તથા સુશોભિત છાપ અને શ્રી દેશી નાટક કંપની લીમીટેડના એજન્ટના ફોટો સાથે તૈયાર છે. **મુલ્ય માત્ર રૂ. ૦-૧૦-૦. અવકાશે આનંદ તથા જ્ઞાન સારૂ આ ગ્રંથ તમારી પાસે જોઇશે જ.**

વૈદ્ય હરિશંકર લાધારામ દ્વિવેદી,

સંગ્રહણી (ઝાડાનો રોગ) તથા સુવારોગના ખાસ વૈદ્ય.

સંગ્રહણી તથા સુવારોગની પ્રખ્યાત દવાશાળા,
દોશીવાડાની પોળ—અમદાવાદ.

ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરે છાપ્યું, પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કસ,
જેઠાભાઇની પોળ, ખાડીયા-અમદાવાદ.